# શહેરમાં ગરમી પુનઃ વધી : પારો ૩૯ ડિગ્રી



ગાંધીનગર, તા. ૫

આકાશમાં ઘેરાયેલા વાદળો વિખેરાતા ગરમીમાં વધારો થયો છે. મહત્તમ તાપમાન એક ડિગ્રી જેટલુ વધીને ૩૯.૦ ડિ.સે. પર પહોંચ્યુ છે, જ્યારે ભેજનું પ્રમાણ ૬૫ ટકા થયુ છે.

છેલ્લા કેટલાક દિવસોથી છવાયેલુ કમોસમી વરસાદનુ વાતાવરણ દુર થયુ છે. આકાશમાંથી વાદળો વિખેરાઈ ગયા છે અને છેલ્લા બે દિવસથી આકરી ગરમી પડી રહી છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૮ ડિ.સે. હતુ જે આજે એક ડિગ્રી જેટલુ વધીને ૩૯ ડિ.સે. પર પહોંચ્યુ છે. જેના કારણે આકરી ગરમીનો અનુભવ થતો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫ ડિ.સે. રહ્યુ છે. આગામી એકાદ-બે દિવસમાં તાપમાનમાં પુનઃ વધારો થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિ.સે. સુધી પહોંચવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ઉચકાતા નગરજીવન પર અસર વર્તાય છે. બપોરે ૧૨ થી ૪ શહેરમાં જનતા કર્ફ્યુ હોય એમ મુખ્યમાર્ગો સુમસામ હોય છે. છેલ્લા બે દિવસમાં રોજ એક - એક ડિગ્રી ઉચકાતાં અવરજવરનું પ્રમાણ ઘટતું જાય છે. જોકે, મોડીરાત્રે ઠંડા પવનો વહેતા ખૂબ ઝડપથી ઠંડક પ્રસરે છે. આ વખતે એપ્રિલ - મે માં જે ગરમી પડવી જોઈએ એવી ન પડતાં અને માવડાઓના કારણે વાતાવરણ સામાન્ય રહેવા પામ્યું હતું.

## દિવ્યાંગ યુવાનને સહાય તો મળશે ત્યારે...

# ગાંધીનગર ડેપોમાં ગોંડલના દિવ્યાંગ યુવાનના ખિસ્સામાંથી ગઠીયો ૨૦ હજાર સેરવી ગયો

### ગોંડલથી જુના સચિવાલયમાં રજુઆત કરવા આવેલા દિવ્યાંગને પિતાના પરિચિતે આપેલા રોકડા પણ ગઠીયો લઇને છુમંતર : ડેપોમાં ખિસ્સા કાતરુઓના નિશાન બનેલા દિવ્યાંગ યુવાનની હાલત દયાજનક : પોલીસને ફરિયાદ કરી

ગાંધીનગર તા ૫

ગાંધીનગર એસ ટી ડેપો તસ્કરો માટે મોકળુ મેદાન બની ગયુ છે. બસમાં ચઢતી વેળાએ મુસાફરોના ખિસ્સામાં ગઠીયાઓ હાથફેરો કરીને મોબાઈલ, પાકીટ સહીતની કિંમતી ચીજવસ્તુઓ સેરવી લે છે. આમછતા ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવવામાં આવતો નથી. સચિવાલયમાં રજુઆત કરવા માટે આવેલા એક દિવ્યાંગ મુલાકાતીના ખિસ્સામાંથી રૂ ૨૦ હજારની રોકડ સેરવી ગયો હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસ ચોપડે નોંધાઈ છે. ગોંડલનો આ દિવ્યાંગ યુવાન સહાય બંધ થતા સચિવાલયમાં રજુઆત કરવા માટે આવ્યા હતા. જયારે રાત્રિના સમયે બસ ન મળતા ડેપોમાં જ રાતવાસો કર્યો હતો. જયારે સવારે આ યુવાનનુ ખિસ્સુ ખાલી થઈ ગયુ હતુ. સહાય મેળવાની દુર રહી પરંતુ પરિચિતે આપેલા ૨૦ હજાર પણ ગુમાવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગર એસ ટી ડેપોમાં જાણભેદુ ગઠીયાઓ આતંક મચાવી રહ્યા છે. એસ ટી ડેપોમાં બસમાં ચઢતી કે ઉતરતી વેળાએ ખિસ્સામાં ગમે ત્યારે હાથફેરો કરી લેતા આ ગઠીયાઓ રાત્રિના સમયે પણ એક્ટિવ હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. ડેપોમાં રાત્રિના સમયે પણ મુસાફરોના ખિસ્સા કપાય છે. અનેકવાર રજુઆત કરવા છતા ડેપો સંકુલમો પોલીસ ચોકી કાર્યરત થતી નથી જેના લીધે ચોરીના બનાવો પણ વધી ગયા છે. પાટનગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ હોવાના લીધે દુર દુરથી રજુઆત માટે આવતા મુલાકાતીઓને ન્યાય મળવાનુ તો દુર રહ્યુ પરંતુ શહેરમાં પ્રવેશતા જ તેમના ખિસ્સા ખાલી થઈ જાય તેવી દયાજનક સ્થિત સર્જાઈ છે. આજે પણ એક દિવ્યાંગ વ્યકિત ડેપોમાં આંટામારતી આ ગઠીયા ગેંગનો શિકાર બની હતી. ગોંડલના દિવ્યાંગ યુવાન અજયસિંહ ભરતસિંહ પરમારને સરકાર દ્વારા દર મહીને રૂ ૨ હજારની સહાય આપવામાં આવતી બંધ થતા જુના સચિવાલયમાં સ્થિત કચેરીમાં રજુઆત કરવા માટે ગાંધીનગર આવ્યા હતા. જયારે જરૂરી કાગળોના અભાવે તે પરત ગોંડલ જવા માટે નિકળ્યા હતા જયારે આ દરમિયાન સ્થાનિક ધારાસભ્યની ઓફિસમાં પણ રજુઆત માટે ગયા હતા જયાં તેમના પિતાના એક પરિચિતનો ભેટો થતા તેમણે આ યુવાનને મદદ કરવાના આશયથી રૂ ૨૦ હજાર આપ્યા હતા. જયારે સહાય શરૂ થાય ત્યારબાદ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩૦ માં ચ-કક્ષાના ૧૬ જોખમી બ્લોક તોડી નાંખવામાં આવતા જગ્યા ખુલ્લી થઈ

### સે-૨૮, સે-૨૯ અને સે-૩૦માં પણ હજુ ભયજનક મકાનો તોડવા માટે વિભાગને દરખાસ્ત : નવા આવાસોના નિર્માણ સંદર્ભે પણ બાકી રહેતા સેકટરોનો સમાવેશ થાય તેવી લાગણી પ્રબળ બની

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં જુના અને જોખમી મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં વિવિધ કક્ષાના ભયજનક મકાનોનો કડુસલો કરી દેવાતા સેકટરોમાં હવે જગ્યા ખુલ્લી થતી જાય છે. સે-૩૦ માં પણ ચ કક્ષાના ૯૬ મકાનો તોડી નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હજુ પણ સે-૨૮ સે-૨૯ અને સે-૩૦ માં લાંબા સમયથી જોખમી બની રહેલા જુના આવાસોને તોડવા માટે દરખાસ્ત પણ કરવામાં આવી છે. નવા આવાસો માટે સેકટરોમાં જગ્યા ખુલ્લી થતી જાય છે. ત્યારે નવા આવાસોના નિર્માણ સંદર્ભે પણ હવે નવા સેકટરોની પસંદગી કરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે. સે-૧૬ અને સે-૧૭ માં પણ જોખમી મકાનો તોડવામાં આવ્યા બાદ ખાલીપો સર્જાયો છે. જેના લીધે સ્થાનિક વેપારીઓમાં પણ નારાજગી વ્યાપી છે.

ગાંધીનગર શહેરમાં જુના અને જર્જરિત જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. જો કે છેલ્લા એક દાયકાથી વિવિધ કક્ષાના ભયજનક મકાનોનો કડુસલા કરવામાં આવી રહ્યો હોવાના લીધે હવે ધીમે ધીમે સેકટરોમાં જગ્યા ખુલ્લી થતી જાય છે. જેના લીધે આગામી દિવસોમાં નવા આવાસો બાંધવા માટેનુ આયોજન આખરી કરવામાં આવશે. શહેરના સે-૩૦ માં કુલ ૧૬ જેટલા બ્લોક તોડીને જગ્યા ખુલ્લી કરી દેવામાં આવી છે. સેકટરમાં સ્થિત ચ કક્ષાના આ આવાસો તોડવા માટે અગાઉ વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવી હતી જયારે ટુંકા સમયગાળામાં જ આવાસો તોડવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જેના લીધે સેકટરમાં જુના અને બિન ઉપયોગી મકાનોનો નિકાલ થતા જગ્યા પણ ખુલ્લી થઈ છે. સેકટર -૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવાનુ પણ આયોજન છે. અત્યાર સુધી સે-૬,૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જો કે લાંબા સમયથી નવા આવાસોના નિર્માણ માટે સ્થળ પસંદગી કરવામાં આવતી નથી જેના લીધે નવી યોજનાનુ કામ પણ વિલંબમાં પડયુ છે. જો કે સેકટરોમાં ખુલ્લી જગ્યાનો તાગ મેળવવા માટે પણ અભ્યાસ ચાલી

● અનુસંધાન પાન-૭ પર

## કલ્યાણ યોજનાના વંચિત લાભાર્થીઓને શોધવા ૧૫ થી ૩૧ મે દરમ્યાન ડોર ટુ ડોર સર્વે કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ૧૫ થી ૩૧ મે દરમ્યાન સરકારની વિવિધ યોજનાઓથી વંચિત લાભાર્થીઓને શોધવા માટે ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવશે.

જિલ્લાતંત્રને દિશાની મળેલ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે કરેલ સૂચન પછી તંત્રએ ૧૭ થી વધુ યોજનાઓની યાદી તૈયાર કરી અને આ માટેની ટીમો બનાવી છે. મળતી વિગતો મુજબ જિલ્લાના ચારેય તાલુકામાં ૧૦ થી ૨૦ ગામના કલસ્ટર બનાવવામાં આવ્યા છે અને આ માટે એક વર્ગ-૨ ના અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે જે સમગ્ર સર્વેની કામગીરીનું મોનીટરીંગ કરશે. દરેક તાલુકા માટે જિલ્લાકક્ષાના અધિકારી લાયઝન અધિકારી રહેશે. સર્વે દરમ્યાન વંચિત લાભાર્થીઓને શોધી કાઢવામાં આવ્યા બાદ આ માટેના ખાસ કેમ્પો ગ્રામ્ય વિસ્તારમાં યોજવામાં આવશે અને યોજનાના લાભ તેમને મળે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જિલ્લામાં સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ લોકો સુધી પહોંચે તે માટે તંત્ર હવે સમગ્ર કવાયત કરશે. આ માટેનો રોડ મેપ તૈયાર કરી દેવામાં આવ્યા બાદ સર્વે માટેના ફોર્મ્સ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. અગાઉ જિલ્લાના પાંચ ગામોમાં આ અંગેનો સેમ્પલ સર્વે કરવામાં આવ્યો હતો જે નોંધનીય છે. જિલ્લામાં જે યોજનાઓના લાભાર્થીઓ શોધવામાં આવનાર છે તેમાં નિક્ષય પોષણ યોજના, કસ્તૂરબા પોષણ યોજના, કુંવરબાઈનું મામેરૂ યોજના, દિવ્યાંગ પાસ, વ્હાલી દિકરી યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના, જનની સુરક્ષા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના, પ્રધાનમંત્રી જન ધન યોજના, સંકટ મોચન યોજના, વિધવા સહાય યોજના, વૃદ્ધ નિરાધાર યોજનાનો સમાવેશ થાય છે.

# માધવગઢમાં રેતી ખનનની તપાસ માટે પ્રાંત-મામલતદારની ટીમ પહોંચી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના માધવગઢ ગામે આજે રેતી ખનનને લઈ ગાંધીનગર પ્રાંત અધિકારી અને મામલતદારની ટીમ ત્રાટકી હતી.

આ ટીમની તપાસ દરમ્યાન લીઝ હોલ્ડર દ્વારા યોગ્ય રીતે ખનન નહિ કરવામાં આવતુ હોવાનું ધ્યાને આવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ટીમે બે હોડકા અને એક આઈવા ગાડી સીઝ કરી છે. તેમજ લીઝ ખનન માટેની માપણી કરવા સહિત આગળની કાર્યવાહી માટે ભૂસ્તરતંત્રની ટીમને બોલાવી હતી એટલુ જ નહિ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં રેતી ખનનની ફરિયાદો સતત વધી રહી છે એટલે તંત્ર હરકતમાં આવ્યુ છે. અગાઉ કલોલ પ્રાંતે પણ આવી રેઈડ કરી હતી આજે ગાંધીનગર પ્રાંત અધિકારી અને મામલતાદરની ટીમે આ રેઈડ કરી છે. રેતી ખનન માટેની નવી પદ્ધતિ ધ્યાને આવતાં અધિકારીઓ પણ ચોંક્યા છે. પાણી નીચેની માટીને કાઢવા માટે હોડકામાં યંત્રો લગાવી આ રેતી ખેંચવામાં આવી રહી હોવાનું ધ્યાને આવ્યુ છે.

# શહેરમાં કોરોનાના વધુ ૨ કેસ

### ગ્રામ્યમાં કોરોનાનો ૧ કેસ નોંધાયો : ગ્રામ્યમાં ૭ દર્દીઓ રિક્વર થતાં ડિસ્ચાર્જ અપાયુ : આલમપુરના વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો, સે. ૭ અને સે. ૪ માંથી એક-એક કેસ મળી આવ્યો : ૨૪ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૨ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧ કેસ કોરોનાનો નોંધાયો છે. શહેર-જિલ્લામાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ કોરોનામાં જોવા મળી રહી છે.

કોરોનાના કેસોમાં ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે શહેર-જિલ્લામાં છુટા છવાયા વિસ્તારોમાંથી કોરોનાના કેસો મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં ઘટાડો થયો નથી. જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્રએ પુનઃ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ શહેરના સેક્ટરોમાં નોંધાયા છે. શહેરના સેક્ટરોમાં કોરોનાએ પુનઃ માથુ ઉંચકતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. આ બન્ને દર્દીઓ ૨૧ વર્ષ અને તેથી ઓછી વયના છે. આ બન્ને દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી. બન્ને કેસ યુવા દર્દીના છે. શહેરના સે. ૭માં ૨૧ વર્ષીય યુવાનનો અને સે. ૪ માં ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૨૪ થઈ છે. શહેરમાં હાલ ૧૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં કોરોનાનો રિકવરી રેટ ૯૭ ટકાને પાર થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ નોંધાયો છે. ગાંધીનગર તાલુકાના આલમપુર ગામેથી ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આલમપુરના આ વેપારી દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૪૦ને પાર થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૨ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ રિકવરી રેટ ૯૭ ટકાને પાર થયો છે.

શહેર-જિલ્લામાં ૨૪ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.

## ૨૧ થી ૫૦ વર્ષના વયજૂથમાં સૌથી વધુ કેસ નોંધાયા

### ૬૦થી વધુ વયના ૬૯ કેસ નોંધાયા

શહેરમાં આ વખતે કોરોનાના સૌથી વધુ કેસ ૨૧ વર્ષથી ૫૦ વર્ષની વય ધરાવતા દર્દીઓમાં વધુ જોવા મળ્યા છે.

આ વર્ષે નોંધાયેલા કેસોમાં ટીનેજર્સ અર્થાત ૦ થી ૨૦ વર્ષની વયજૂથના ૧૩ કેસ નોંધાયા છે. જ્યારે ૨૦ થી ૫૦ વર્ષના વયજૂથમાં ૧૧૪ જેટલા કેસ નોંધાયા છે.

૫૧ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૨૬, ૬૧ થી ૭૦ વર્ષના વયજૂથમાં ૪૨, ૭૧ થી ૮૦ વર્ષના વયજૂથમાં ૨૧ અને ૮૧ વર્ષથી વધુ વય ધરાવતા ૬ દર્દી નોંધાયા છે.

## શહેરના દરેક ખૂણામાંથી આ વખતે કોરોનાના કેસ મળી આવ્યા

### સરગાસણમાં સૌથી વધુ ૨૮ કેસ નોંધાયા, સે. ૨ અને સે. ૮ માં ૧૪-૧૪ કેસ નોંધાયા

ગાંધીનગર શહેરના દરેક ખૂણેથી કોરોનાના કેસો આ વખતે નોંધાયા છે. ૧લી જાન્યુઆરીથી આજ સુધીમાં શહેરમાં કોરોનાના ૨૨૪ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ સરગાસણ ગામમાંથી ૨૮ કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાંથી ૧૪, રાંદેસણમાંથી ૧૫ કેસ નોંધાયા હોવા ઉપરાંત, ભાઈજીપુરા, ભાટ, આઈઆઈટી, ખોરજ, કોબા, નભોઈ, પેથાપુર, પોર, રાંધેજા, રાયસણ, ઝુંડાલ, સુઘડ અને વાવોલમાંથી પણ છુટા છવાયા કેસો મળ્યા છે.

સે. ૨ માંથી ૧૪, સે. ૪ માંથી ૧૩, સે. ૭ માંથી ૧૧, સે. ૮ માંથી ૧૪, સે. ૩ માંથી ૧૦, સે. ૨૬ અને સે. ૨૭ માંથી ૬-૬, સે. ૨૯ માંથી ૭, સે. ૩-એ-ન્યુમાંથી ૪, સે. ૩૦ માંથી ૪ કેસ મળવા ઉપરાંત સે. ૨૨ અને સે. ૨૩ માંથી ૫-૫ કેસ તેમજ અન્ય સેક્ટરોમાંથી છુટાછવાયા કેસો નોંધાયા છે.

આ વખતે કોરોનાના કેસો દરેક ખુણામાંથી મળ્યા છે પણ દર્દીઓને હળવા લક્ષણો જણાયા હોવાથી મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનમાં જ સારવાર લઈ રિકવરી પ્રાપ્ત કરી છે. આ વખતે કોરોનાનો હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો નોંધાયો છે.

શહેરમાં હાલ ૧૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૨૧૨ દર્દીઓએ રિકવરી પ્રાપ્ત કરતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# ગુડાએ અડાલજમાં લૉ-ઈનકમ ગ્રુપના પડતર આવાસો માટે નવેસરથી અરજી મંગાવી

### ૬ જૂન સુધીમાં અરજી કરવાની રહેશે : આવાસ જે સ્થિતિમાં છે તેવી જ હાલતમાં ફાળવવામાં આવશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજમાં લો ઈક્રમ ગ્રુપના પરિવારોનેઅનુલક્ષી નિર્માણ કરાયેલા અને લાંબા સમયથી બિનઉપયોગી પડતર રહેલા એલઆઈજી-૨ આવાસ માટે ગુડાએ હવે નવેસરથી અરજી મંગાવી છે જો કે આવાસ જે સ્થિતિમાં છે, તેવી હાલતમાં જ લાભાર્થીને આપવામાં આવશે જયારે ક્ષતિગ્રસ્ત બનેલા હોય કે જેમાં જરૂરી મરામત કરવાની કામગીરી ગુડા દ્વારા કરવામાં આવશે નહીં.

ગુડા દ્વારા અડાલજમાં નિર્માણ કરાયેલા રહેણાંક વસાહતને અટલ આવાસ યોજના નામાભિધાન કરાયું છે જયારે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા પરિવારોને વ્યાજબી ભાવથી પોતાનું ઘર મળે તેના માટે ૪૨ ચોરસ મીટરના આવાસની ફલેટ ટાઈપ મકાનો તૈયાર કરાયા છે . અગાઉ કોમ્પ્યુટરાઈઝ્ડ ઓનલાઈન ડ્રો ના માધ્યમથી લાભાર્થીઓને અહીં આવાસની ફાળવણી કરી દેવાઈ હતી. પરંતુ લાભાર્થી દ્વારા જ રદ કરાવવામાં આવ્યા હોય અથવા જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં નહીં આવતા તંત્ર દ્વારા ફાળવણી રદ કરવામાં આવી હોય તેવા આવાસ અહીં પડતર હાલતમાં રહ્યાં છે, જેની સંખ્યા ૯૬ છે. આવાસ યોજનાનો લાભ લેવા માટે રૂ ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારો જ અરજી કરી શકશે તા ૬ મેથી તા ૬ જુન સુધી લાભાર્થીઓની અરજી સ્વીકૃત થશે

લાભાર્થીએ અરજી કરવાની સાથે લાભાર્થીએ ડિપોઝીટ તરીકે રૂપિયા ૨૫ હજાર ચૂકવવાના થાય છે ડિપોઝિટની રકમ ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, નેટ બેક્કિંગ અથવા યુપીઆઈના માધ્યમથી પણ કરી શકાય તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે આ મકાન માટે રૂપિયા ૧૨ લાખની કિંમત નિયત કરવામાં આવી છે, જયારે આ આવાસો અન્વયે સબસિડી માં રૂ ૧ લાખનો લાભ આપવામાં આવે છે જયારે ૫૦ હજાર મેન્ટેનન્સ સહિતની ૧૧.૫૦ લાખ કિંમત ચૂકવવા પડે છે ગુડા દ્વારા ત્રણ કેટેગરીમાં જનરલ, ઓબીસી અને એસસીના ક્વોટા મુજબ મકાનની ફાળવણી કરાશે. તે પ્રાણે લાભાર્થી નહીં મળે તો બાદમાં નિયમાનુસાર ફાળવણી કરાશે. હાલમાં ૯૬ આવાસ પેકી જનરલ કેટેગરી માટે ૬૭, ઓબીસી કેટેગરી માટે ૨૫ અને એસસી કેટેગરી માટે ૪ આવાસ કવોટા મુજબ નિયત કરવામાં આવ્યા છે

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **દેહદાતા સ્વ. શ્રી રતિલાલ છગનલાલ જોષી (આર.સી.જોષી) (નિવૃત જોઈન્ટ સેક્રેટરી, રેવન્યુ ડિપાર્ટમેન્ટ સચિવાલય, ગુજરાત રાજ્ય) (માજી ચેરમેન ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ)** નું તા.૨-૫-૨૦૨૩ મંગળવારના વહેલી સવારે ૦૨.૦૦ વાગ્યે દુઃખદ અવસાન થયું છે. **સદ્ગતનું બેસણું તા.૦૭-૦૫-૨૦૨૩ને રવિવારના સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર**

**સ્વ.ભાનુમતી રતિલાલ જોષી**

| | |
|---|---|
| સ્વ.વ્રજલાલ છગનલાલ જોષી (ભાઈ) | ગં.સ્વ.નિમુબેન વ્રજલાલ જોષી |
| કાંતિલાલ છગનલાલ જોષી (ભાઈ) | ધનલક્ષ્મીબેન કાંતિલાલ જોષી |
| ભરત રતિલાલ જોષી | રીટા ભરત જોષી |
| રોહિત રતિલાલ જોષી | જ્યોતિકા રોહિત જોષી |
| મિહિર રતિલાલ જોષી | શુભદા મિહિર જોષી |
| ભાર્ગવ રતિલાલ જોષી | સૈરાહ ભાર્ગવ જોષી |

**તથા સમસ્ત જોષી પરિવાર**

# રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે ૧૨૫૧ અરજી મંજુર ૧૨૬ કિસ્સામાં પ્રવેશ પણ આપી દેવાયો

### ૪૧૯ અરજી નામંજુર પ્રથમ રાઉન્ડ ની પ્રવેશ પ્રક્રિયા આગામી ૧૩ મેં સુધી ચાલશે

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશ એકટ અંતર્ગત ખાનગી શાળાઓમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ ૧માં પ્રવેશ આપવાના મામલે પ્રથમ રાઉન્ડના અંતે શહેર અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં મળીને ૧૩૩૪ પ્રવેશ ફાળવી દેવાયા છે. ૧૨૬ કિસ્સામાં વિદ્યાર્થીઓને પ્રવેશ પણ આપી દેવાયો છે આ પ્રક્રિયા અન્વયે જિલ્લામાં ખાનગી શાળામાં પ્રવેશની ૧૨૫૧ અરજી મંજુર કરાઈ છે અને ૪૧૯ કિસ્સામાં અરજી નામંજુર કરાઈ છે

શિક્ષણનો અધિકારી કાયદા અંતર્ગત શાળામાં કુલ બેઠકો પૈકીની ૨૫ ટકા બેઠકો અનમાત રાખવાની જોગવાઈ છે. ગાંધીનગર જિલ્લામાં ધોરણ ૧ માટે ગ્રામ્ય વિસ્તારની સરખામણીએ શહેરી વિસ્તારમાં ખાનગી શાળાની સંખ્યા ઓછી છે. પરંતુ આરટીઈ એક્ટ હેઠળ પ્રવેશ મેળવવા માટે શહેરી વિસ્તારમાં અનામત બેઠકોની સામે વધુ ફોર્મ ભરાતા હોય છે. શિક્ષણ તંત્ર દ્વારા પ્રવેશ આપવા માટેની ઓનલાઈન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com